1. The above is an extract of the detailed format of quarter ended June 2026 of Unaudited Financial Results filed with the stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Full format of the unaudited Financial Results is available on the stock Exchange website – www.bseindia.com & on Company's website – www.advancemulti.in.
2. The above financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 11/08/2026.
3. The company has adopted Indian Accounting Standard ("IND AS") notified by the Ministry of Corporate Affairs with effect from 1st April, 2017.Accordingly the Financial Result for the Quarter ended on 30th June, 2026 are in accordance with IND-AS and other accounting principles generally accepted in India.
4. Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules/AS Rules, whichever is applicable.
5. The figures for the previous period/year have been regrouped /reclassified , wherever necessary.
6. The Company is operating in single segment i.e. Textile, so above results are for single segment only.

**Place** : Ahmedabad
**Date** : 11-08-2026

For, **Advance Multitech Limited**
**Arvind Vishwanath Goenka**
Managing Director
(DIN-00093200)

## તંત્રી સ્થાનેથી



Editorial....

## વિવિધ સમાજોએ સ્વયં દહેજ પ્રથા નાબૂદ કરવી જોઈએ

અલ્હાબાદ હાઈકોર્ટે સાસરીમાં થતાં દહેજ મામલે પીડિત વિવાહિત પરિણામોને સમજૂતી કરી લો તેવી સલાહ ન આપવાની તેમના માવતરોને સૂચન કર્યું છે. દહેજ હત્યાના એક મામલામાં કોર્ટે આ ગંભીર ટિપ્પણી કરી હતી અને કોર્ટે જણાવ્યું હતું કે, ઘણા ખરા કિસ્સાઓમાં આ સલાહ પરિણીતાઓ માટે જીવન જોખમ બને છે. એક બાબત સ્પષ્ટ છે કે, માવતરોની જવાબદારી માત્ર દીકરીઓના લગ્ન કરાવવા પૂરતી સિમિત નથી પરંતુ આ બાબતની જાણ રાખવી જરૂરી છે કે સાસરે ગયેલી દીકરી પોતાનું જીવન સારી રીતે પસાર કરી રહી છે કે નહીં.

દીકરીઓને આ વિશ્વાસ હોવો જરૂરી છે કે તકલીફના સમયમાં તેનો પિયર પક્ષ તેની સાથે છે. અત્યારે દેશમાં ઘણા સામાજિક સુધારા થયા છે તથા દહેજને લગતા ઘણા કાયદાઓ બનાવવામાં આવ્યા છે. છતાં હજુ સાસરિયાઓ દ્વારા દહેજની માંગ, પતિના પરસ્ત્રી સાથેના સંબંધો, તથા પરિણીતા સ્ત્રીના ચારિત્ર્ય પર શંકા, જેવા અનેક કારણો સમાજમાં હોવાથી દીકરીઓને લગ્ન પછી સાસરીમાં ઘણું દુઃખ ભોગવવું પડે છે. દહેજ પ્રથાથી અત્યાર સુધીમાં અનેક પરિણીતાઓના મોત થયા છે. અલ્હાબાદ હાઈકોર્ટે આ ગંભીર વિષય પર વધુ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ બધી બાબતો એટલા માટે વિચારણીય છે કે આવા ઘણા કિસ્સાઓ કોર્ટ સમક્ષ આવતા હોય છે. જ્યારે દીકરીઓ માવતર સમક્ષ તેમના સાસરિયાઓ તેને ત્રાસ આપે છે તેવું કહે છે ત્યારે તેને અત્યારે શાંત રહો તેમ જણાવવામાં આવતું હોય છે. દીકરી પારકી થાપણ છે અને જે ઘરમાં તેના લગ્ન થયા છે ત્યાંથી જ તેની અર્થી નીકળવી જોઈએ તેવી આપણા દેશમાં એક સામાજિક માન્યતા છે. આથી આ વિચારધારા પણ આ મામલામાં ભાગીદાર બને છે.

પિયર પક્ષ દ્વારા આંખ આડા કાન કરવામાં આવતા ઘણી વખત પરિણીતાઓ સાસરિયાઓના ત્રાસનો વધુ ભોગ બને છે અને આ ત્રાસ તેમના જીવન માટે જોખમી બને છે. જો દીકરી સાસરીયાપક્ષ દ્વારા અપાયેલા ત્રાસથી પિયરમાં જાય અને તેના માવતર તેની તકલીફ સમજે તો જે સાસરિયાઓ દહેજની અપેક્ષા રાખે છે તેને યોગ્ય સજા કરાવી શકાય છે. આ વાત મહત્ત્વપૂર્ણ એટલા માટે છે કે હવે દીકરીઓને પૈતૃક સંપત્તિમાં સમાન અધિકાર કાયદાના સ્વરૂપથી મળ્યો છે પરંતુ વ્યવહારિક જગતમાં સંપત્તિની વહેંચણી હંમેશા ભાઈઓ વચ્ચે થતી હોય છે. આથી જ્યારે દીકરી પિયરમાં આવે છે ત્યારે માવતર પક્ષના લોકોની ચિંતા દીકરી કરતા મિલકતની વહેંચણી મુદ્દે વધુ હોય છે. જ્યારે વાસ્તવિક સ્થિતિ આ છે કે, લગ્ન થયા પછી કોઈપણ દીકરી સ્વેચ્છાપૂર્વક પૈતૃક સંપત્તિમાં તેનો ભાગ છોડી દે છે.

ખાસ કરીને દહેજ પ્રથા મામલે એક વાત આ છે કે નવી પેઢી સાસરિયા તરફથી અત્યાર સામે હવે અવાજ ઉંચો કરે છે પરંતુ પરિવારની વિચારધારામાં ફેરફાર કર્યા વગર દીકરીઓને જરૂરી રક્ષણ મળશે નહીં. દહેજ પ્રથાનો ભોગ બનેલી દીકરીઓને હવે ભાવનાત્મક તથા કાયદાકીય સ્વરૂપે રક્ષણ આપવું પરિવારની ફરજ છે. દીકરીઓને હંમેશા એવું કહેવું જોઈએ કે તે પરિવાર પર બોજો નથી પરંતુ પરિવારની શક્તિ છે. દહેજ પ્રથાથી પીડિત દીકરીઓને સમજૂતી કરી લો તેવું કહેવાથી દીકરી એકલી પડી જશે. ભારતીય સમાજમાં લગ્ન સમયે સાસરિયા પક્ષ દ્વારા દહેજ માંગવા પાછળ એક નહીં પણ ઘણા સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક કારણો જવાબદાર છે. દહેજ પ્રથા વર્ષોથી એક કુરિવાજ તરીકે ચાલી આવે છે. ભૂતકાળમાં દીકરીને પિતાની મિલકતમાંથી હક મળતો ન હત. આથી તેને સ્વેચ્છાએ સ્ત્રીધન આપવામાં આવતું હતું જે સમય જતાં ભારપૂર્વક માંગવામાં આવતું દહેજ બની ગયું.

# મ્યુનિ. સ્મશાનોમાં લાકડા પૂરા પાડતી એજન્સી આખરે એક વર્ષ માટે બ્લેક લિસ્ટ

### સામાન્ય નાગરિકો ઉપરાંત ભાજપના કાર્યકરોની ફરિયાદો બાદ હેલ્થ કમિટિએ નાછૂટકે દરખાસ્ત મંજૂર રાખી

**(એજન્સી)અમદાવાદ,**
શહેરના વિવિધ વિસ્તારોના સ્મશાનોમાં મૃતદેહોની અંતિમવિધિ માટે જલાઉ લાકડા પૂરા પાડવાના કોન્ટ્રાક્ટ ધરાવતી ભાજપના પૂર્વ કોર્પોરેટરની એજન્સીને આખરે એક વર્ષ માટે બ્લેક લિસ્ટ કરવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના જુદા જુદા વિસ્તારોમાં મ્યુનિ. સંચાલિત સ્મશાનગૃહોમાં મૃતદેહોની અંતિમ વિધિ માટે સીએનજી ભઠ્ઠી અને લાકડાની ભઠ્ઠી બનાવવામાં આવેલી છે ત્યાં જલાઉ સૂકા લાકડા પૂરા પાડવા માટે ટેન્ડર બહાર પાડવામાં આવતા રાબેતા મુજબ ભાજપના પૂર્વ કોર્પોરેટરની શ્રી વિવેકાનંદ ગ્રામ ઉદ્યોગ સેવા સંઘ નામની મંડળીને લોએસ્ટ ભાવના કારણે કોન્ટ્રાક્ટ આપવામાં આવે છે.

સ્મશાનોમાં લાકડા પૂરા પાડવાનો કોન્ટ્રાક્ટ મેળવી લીધા બાદ આ એજન્સી લીલા અને મોટા લાકડા સપ્લાય કરવામાં આવતા હોવાના આક્ષેપો સાથે સાથે લાકડાના વજનમાં ગરબડ કરતા હોવાના આક્ષેપો પણ થયેલા છે. તેમાંય ગત ઓક્ટોબર મહિનામાં ઓઢવ સ્મશાન ગૃહમાં લીલા લાકડાના કારણે મૃતદેહની અંતિમવિધિ માટે ટાયર અને ગોદડાનો ઉપયોગ કરવો પડયો હોવાનો વીડિયો વાયરલ થયા બાદ તેમજ જાહેર જનતાની અને ભાજપના જ કાર્યકરોની વધતી જતી ફરિયાદોને પગલે મ્યુનિ. હેલ્થ ખાતાના જન્મ-મરણ સ્મશાનગૃહ વિભાગ દ્વારા ભાજપના પૂર્વ કોર્પોરેટરની મંડળીને એક વર્ષ માટે બ્લોક કરવાની દરખાસ્ત ભાજપ શાસિત હેલ્થ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

તેના પગલે ભાજપના પૂર્વ કોર્પોરેટરે પોતાની મંડળીને બ્લેક લિસ્ટ થતી અટકાવવા માટે ભાજપ નેતાઓ અને મ્યુનિ. હોદ્દેદારોને ત્યાં દોડાદોડી કરી મૂકી હતી. તેના પગલે હેલ્થ કમિટીએ ચર્ચા વિચારણાના નામે દરખાસ્ત બાકી રાખી દીધી હતી. પરંતુ દરખાસ્ત પરત કરી શકાય તેમ ન હોવાથી હેલ્થ કમિટીના એજન્ડામાં એજન્સીને બ્લેકલિસ્ટ કરવાની દરખાસ્ત ફરી આવી હતી. હવે આ દરખાસ્તને પરત કરવામાં આવે તો શાસક ભાજપની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચે તેમ હોવાથી નાછૂટકે હેલ્થ કમિટીએ આ દરખાસ્ત મંજૂર કરી દીધી હતી. જો કે, હેલ્થ કમિટી ચેરમેન દીપકભાઈ પંચાલે એવી સ્પષ્ટતા કરી હતી કે આ એજન્સીના કર્તા હર્તા બીજી કોઈ મંડળીમાં પણ ટ્રસ્ટી કે સભ્ય હશે તો પણ બીજી મંડળીને સ્મશાનગૃહમાં લાકડા પૂરા પાડવાનો કોન્ટ્રાક્ટ અપાશે નહીં.

## ચંડોળા તળાવ ફરતે બાઉન્ડ્રી વોલના કામથી ૬ સોસાયટીના એન્ટ્રી ગેટ બંધ થઈ જશે

**(એજન્સી)અમદાવાદ,**
થોડા સમય પહેલાં ચંડોળા તળાવમાં ગેરકાયદે ઝૂંપડા હટાવી તેને ડેવલપ કરવાનું હાથ ધરાયું છે. તળાવની ફરતે બાઉન્ડ્રી વોલ બનાવવાની કામગીરીને ઘોડાસર મસ્ટરથી ચંડોળા તળાવ તરફ જતા કોમલ પાર્ક, ચંદન પાર્ક, સતાધારનગર, ગાયત્રીનગર, ઉજાલાનગર અને ઈન્દિરાનગરના સોસાયટીના એન્ટ્રી, એક્ઝિટ ગેટ બંધ થવાની શક્યતા છે. આ સોસાયટીના તળાવ તરફના ભાગમાં આવેલ ઘરોના બાઉન્ડ્રી વોલની અંદર બેથી ત્રણ ફૂટ જગ્યા તળાવમાં જતી રહેશે.

તળાવની ફરતે આવેલા ૨૦૦થી વધુ મકાનોના અવર-જવર બંધ થવાનો અને મકાનોના બાઉન્ડ્રી વોલની જગ્યા કપાતમાં જવાના લીધે લોકોએ વિરોધ નોંધાવી મણિનગરના ધારાસભ્ય અમુલ ભટ્ટને રજૂઆત કરી હતી. ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ કચેરી અને મ્યુનિ.ના એસ્ટેટ વિભાગ વચ્ચે સંકલનનો અભાવ જોવા મળતા લોકોને મુશ્કેલી વેઠવી પડશે. મ્યુનિ.ના એસ્ટેટ વિભાગના અધિકારીએ જણાવ્યું કે, જ્યારે ચંડોળા તળાવની જગ્યા કલેકટર કચેરીના નામ પર બોલે છે. ચંડોળા તળાવમાંથી દબાણ દૂર કરાયા ત્યારે આઈએલઆર વિભાગે બાઉન્ડ્રી વોલ બનાવવા માટે માપણી કરી માર્કિંગ કરાયું હતું. તેના આધારે મ્યુનિ.ના ઈજનેર વિભાગે કામગીરી શરૂ કરી છે.

### મંગલ નવકારે પૂરગ્રસ્ત વિસ્તારોમાં સેવા કરી

## ૨૦ દિવસથી પશુઓ માટે ઘાસનું વિતરણ કરી જીવદયા યજ્ઞ કરાયો

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદના બાવળા તાલુકાના નળકાંઠા વિસ્તારમાં પૂર જેવી સ્થિતિએ માણસો સાથે અબોલ પશુઓની મુશ્કેલી પણ વધારી છે. કોઠા તલાવડી, મીઠાપુર, કાળીવેજી, શિયાળ અને ઉતેળીયા સહિતના ગામોમાં ૨૦ દિવસથી પાણી ભરાયેલું હોવાથી પશુઓ માટે ચારિયાણ બંધ છે. ઘાસચારો ખૂટી જતાં અનેક ગાયો ભૂખમરાની સ્થિતિમાં આવી હતી. કેટલાક ગામોના આગેવાનોએ જણાવ્યું હતું કે, પાંચ દિવસથી ગાયોના મોઢામાં ઘાસનું એક તણખલું પણ ગયું નથી.

પરિસ્થિતિની ગંભીરતા સમજી મંગલ નવકાર મહેક ફાઉન્ડેશન ટ્રસ્ટ અને શ્રી ગોપાલ સંસ્કાર મહેક ટ્રસ્ટે વીરૂભાઈ અલગોતરના નેજા હેઠળ જીવદયા યજ્ઞ શરૂ કર્યો છે. શરૂઆતમાં ૨૫૦ ગાંસડી સૂકું ઘાસ મોકલાયું અને ત્યારબાદ દરરોજ ૧૦ ટન ઘાસની ટ્રકો પહોંચાડાઈ હતી.

પાણી ભરેલા રસ્તાઓને કારણે ટ્રક ગામ સુધી ન પહોંચી શકતા મીઠાપુરથી ટ્રેક્ટર મારફતે ગામેગામ ચારો પહોંચાડાયો હતો. માત્ર ૨૦ દિવસમાં ૩૦ ટ્રક લીલું ઘાસ અને ૪૦૦ સૂકા ઘાસના ગઠ્ઠાનું વિતરણ કરાયું છે. પાણી ઓસર્યા છતાં પશુઓ માટે ચરિયાણની સમસ્યા યથાવત હોવાથી જીવદયા યજ્ઞ અવિરત ચાલુ છે. સંસ્થા દ્વારા વિવિધ વિસ્તારમાં ૪ રથો દ્વારા નિત્યક્રમ ભોજન વિતરણ પણ કરવામાં આવે છે.

# મુસાફરો મારફતે સોનાની દાણચોરીના રેકેટમાં અમદાવાદના એજન્ટો, ટૂર ઓપરેટરોની સંડોવણી

### કસ્ટમ્સ વિભાગે આઠ મુસાફરો પાસે દાણચોરી કરાવનાર કિરીટ-પંકજે કેટલા મુસાફરોને અખાતી દેશોમાં મોકલ્યા તેની તપાસ શરૂ કરી

**(એજન્સી)અમદાવાદ,**
અમદાવાદ એરપોર્ટ પર એર ઈન્ટેલિજન્સ યુનિટ અને કસ્ટમ્સ વિભાગે સુઆયોજિત સોનાની દાણચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કરી અબુધાબીથી આવેલા આઠ મુસાફરો પાસેથી રૂા.૧.૧૪ કરોડના ૭૭૦.૩૩ ગ્રામ ૨૪ કેરેટના સોનાના દાગીના જપ્ત કર્યા હતા. આ કૌભાંડના માસ્ટર માઈન્ડ તરીકે મહેસાણા જિલ્લાના લીંચ ગામના ટ્રાવેલ એજન્ટ પંકજ પટેલની ધરપકડ કરવામાં આવી છે. હવે તપાસનો વ્યાપ માત્ર પંકજ પટેલ સુધી સિમિત ન રહી અમદાવાદના ટ્રાવેલ એજન્ટો અને ટૂર ઓપરેટરો સુધી પહોંચ્યો છે. કસ્ટમ્સની ટીમ દ્વારા અઠવાડિયા સુધી કરાયેલી તપાસમાં અમદાવાદ ઉપરાંત રાજ્યના ઘણા એજન્ટો મુસાફરને વિદેશ મોકલી તેમની પાસેથી સોનાની દાણચોરી કરાવતા હોવાનું ખુલ્યું છે.

ગત અઠવાડિયે એરપોર્ટ પર દાણચોરીના સોના સાથે ઝડપાયેલા ૮ મુસાફરોની પૂછપરછમાં તેમણે એવી કબૂલાત કરી હતી કે, પંકજ પટેલે તેમની અબુધાબીની ટિકિટોની વ્યવસ્થા કરી હતી અને પરત ફરતી વખતે ૨૪ કેરેટના સોનાના દાગીના ભારતમાં લાવવા બદલ દરેક મુસાફરને ૭થી ૧૦ હજારનું કમિશન આપવાનું નક્કી કરાયું હતું. મુસાફરોના ખિસ્સામાં પ્લાસ્ટિકમાં છુપાવી રાખેલા ગોલ્ડ ચેઈન, પેન્ડન્ટ, મંગળસૂત્ર, બુટ્ટી અને અન્ય દાગીના મળી મૂકાવી દેવામાં આવ્યા હતા જે પકડાઈ ગયા હતા.

કસ્ટમની તપાસમાં ખુલ્યું છે કે પંકજ પટેલ અગાઉ ઝડપાયેલા મહેસાણાના કુખ્યાત ટ્રાવેલ ઓપરેટર કિરીટ પટેલ સાથે પણ સીધો સંકળાયેલો હતો. કિરીટ પટેલ માટે મુસાફરો તૈયાર કરવા અને ટિકિટ બુકિંગ કરાવવા બદલ તે પ્રતિ મુસાફર ૩ હજાર કમિશન મેળવતો હતો. ગત વર્ષે કિરીટ પટેલની ધરપકડ થઈ ત્યારે ૩.૫૦ કરોડનું સોનું જપ્ત કરવામાં આવ્યું હતું. અધિકારીઓ હવે કિરીટ પટેલની ધરપકડ પછી પણ પંકજ પટેલે દાણચોરીનું નેટવર્ક કેવી રીતે ચાલુ રાખ્યું અને બન્નેએ મળીને છેલ્લા કેટલાક મહિનાઓમાં કેટલા મુસાફરોને અબુધાબી, દુબઈ સહિતના અખાતી દેશોમાં મોકલ્યા તેની વિગતવાર તપાસ કરી રહ્યા છે.

કસ્ટમે પંકજ પટેલ તેમજ રાજ ટ્રાવેલ્સ મારફતે બુકિંગ કરાવી અખાતી દેશોમાં ગયેલા મુસાફરોની યાદી તૈયાર કરવાની કામગીરી શરૂ કરી છે. આ તમામ મુસાફરોની પુછપરછ કરીને અગાઉ કેટલી વખત સોનાની દાણચોરી કરી હતી તેની કડીઓ મેળવવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તપાસ દરમિયાન અમદાવાદના કેટલાક ટ્રાવેલ એજન્ટો અને ટૂર ઓપરેટરોની સંડોવણી પણ સામે આવ્યાનું અધિકારીઓએ જણાવ્યું છે. પ્રાથમિક તપાસ મુજબ અમદાવાદના એજન્ટો મુસાફરોને અખાતી દેશોમાં મોકલી પરત ફરતી વખતે ૧૦૦ ગ્રામથી ઓછા વજનના સોનાના દાગીના પહેરાવી અથવા સામાનમાં રાખીને લાવવાની વ્યવસ્થા કરતા હતા. એક ટ્રીપ બદલ રૂા.૮ હજારથી ૧૦ હજાર સુધીનું કમિશન ચૂકવાતું હોવાનું પણ ખુલ્યું છ. કસ્ટમે રાજ્યભરના અનેક એજન્ટોની વિગતો એકત્રિત કરી છે અને હવે સમગ્ર દાણચોરીના નેટવર્કમાં સંકળાયેલા તમામ એજન્ટો, ફાઈનાન્સરો અને વિદેશમાં બેઠેલા સપ્લાયરો સુધી પહોંચવા માટે તપાસ ચાલી રહી છે. ગુજરાતના અન્ય એજન્ટોની વિગતો પણ મળી છે.

## ખંભાતના દરિયામાંથી માનવ કંકાલ મળી આવતા ખળભળાટ

**(એજન્સી)ખંભાત,**
આણંદ જિલ્લાના ખંભાત દરિયાઈ તટ પરથી એક માનવ કંકાલ મળી આવવાની ઘટના સામે આવતા સમગ્ર વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે. દરિયો ખેડવા માટે ગયેલા સ્થાનિક માછીમારોને આ કંકાલ અંગે જાણ થઈ હતી, ત્યારબાદ તાત્કાલિક એસઆરડી જવાનોને આ બાબતની જાણ કરવામાં આવી હતી. જવાનો દ્વારા ખંભાત પોલીસ સ્ટેશનને આ અંગે માહિતી આપતા જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, માછીમારો જ્યારે દરિયાકાંઠાના વિસ્તારમાં હતા ત્યારે તેમને આ માનવ કંકાલ નજરે પડ્યું હતું. આ ઘટના બાદ સ્થાનિક લોકોમાં અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ માનવ કંકાલ કોનું છે? વ્યક્તિનું કુદરતી મોત થયું છે, હત્યા કરવામાં આવી છે કે પછી તેણે આત્મહત્યા કરી છે? તે તમામ બાબતો હાલ પોલીસ માટે તપાસનો મુખ્ય વિષય બન્યો છે.

## ગોંડલમાં ગૌચર જમીન પર વીજપોલ સામે ખેડૂતોનો વિરોધ

**(એજન્સી)રાજકોટ,**
રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં આવેલા ચોરડી ગામે ગૌચરની જમીન બચાવવા માટે ખેડૂતોનો ઉગ્ર વિરોધ સતત છઠ્ઠા દિવસે પણ યથાવત રહ્યો છે. ચોરડી ગામની કિંમતી ગૌચર જમીન પર જેટકો કંપની દ્વારા મોટા વીજપોલ ઊભા કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જેની સામે સમગ્ર ગામના ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સરકારી તંત્ર અને કંપનીની મનમાની સામે ખેડૂતોએ પીછેહઠ કરવાનો સાફ ઈનકાર કરી દીધો છે.

આંદોલનના છઠ્ઠા દિવસે ખેડૂતોએ વિરોધ નોંધાવવા માટે એક અત્યંત અનોખો અને વિનોદી રસ્તો અપનાવ્યો હતો. કંપનીની મનમાની અને તંત્રની ઉદાસીનતા પર કટાક્ષ કરવા માટે એક ખેડૂત ‘જેટકોના ભૂત‘નું પાત્ર ભજવીને વડલાના વૃક્ષ પરથી નીચે ઉતર્યો હતો. તેમણે ‘મિસ્ટર ઈન્ડિયા‘ જેવા ગાયબ થઈ જતા પરિપત્રો અને વહીવટી તંત્રની નીતિઓ પર આકરા પ્રહારો કરી અનોખી રીતે પોતાનો આક્રોશ ઠાલવ્યો હતો. આ અનોખો વિરોધ સમગ્ર પંથકમાં ભારે ચર્ચાનો વિષય બન્યો છે. એક તરફ ગ્રામજનો અને ખેડૂતોનો વિરોધ દિન-પ્રતિદિન વધુ આક્રમક બની રહ્યો છે, તો બીજી તરફ કંપની દ્વારા વીજપોલ ઊભા કરવાની કામગીરી અટક્યા વગર ઝડપથી પૂરી થાય તે માટે પ્રયાસો થઈ રહ્યા છે. તંગદિલી ભરી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિવાદિત ઘટના સ્થળે ભારે પોલીસ કાફલો અને પોલીસ બંદોબસ્ત ખડકી દેવામાં આવ્યો છે. છ-છ દિવસથી સતત આંદોલન ચાલી રહ્યું હોવા છતાં જેટકો કંપની કે તંત્ર દ્વારા કોઈ સંતોષકારક જવાબ ન મળતાં ખેડૂતોમાં અસંતોષની જ્વાળા વધુ ભડકી છે. ખેડૂત આગેવાનો અને ગ્રામજનોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે, જો ગૌચરની જમીનમાં વીજપોલ નાખવાની કામગીરી તાત્કાલિક અસરથી બંધ કરવામાં નહીં આવે, તો આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવવામાં આવશે. આસપાસના તમામ ગામોના ખેડૂતો અને પાટીદાર સમાજના સહકારથી એક વિશાળ જનસંમેલનનું આયોજન કરવામાં આવશે અને આ મુદ્દાને ધારાસભા સુધી પહોંચાડવા માટે ઉગ્ર રણનીતિ ઘડવામાં આવશે.

# સામાજિક-સંસ્થાકીય ગતિવિધિઓ

### સનવેલ ક્લબ દ્વારા કુકિંગ કોમ્પિટિશનનું આયોજન લાયન્સ હોલ ખાતે કરવામાં આવ્યું

સનવેલ ક્લબ દ્વારા કુકિંગ કોમ્પિટીશનનું આયોજન લાયન્સ હોલ ખાતે કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ૨૫ મેમ્બર્સે ભાગ લીધો અને સેફ જિગ્ના મજમુદારે સુભી વાસાને કોમ્પિટિશનના વિજેતા જાહેર કર્યા, મહિલાઓએ અનેક વાનગીઓ બનાવી હતી.

### નવરંગપુરાની સંત કબીર સ્કૂલમાં ફેમિલી ફન ડેની અનોખી ઉજવણી કરવામાં આવી

નવરંગપુરા સ્થિત સંત કબીર સ્કૂલના ધોરણ-૧ ના બાળકો અને વાલીઓએ હાસ્ય, ઉત્સાહ અને ટીમવર્ક સભર આનંદદાયક પ્રવૃતિઓ જેવી કે બલૂન રસ, મેમરી ગેમ અને ઝિગ-ઝેગ રેસ, વગેરેમાં ભાગ લઈને પ્રસન્નતા અનુભવી હતી.

### બાલમંદિરમાં બાળકોએ પારિવારિક ઉજવણી દરમિયાન માતૃ પિતૃ પૂજન કર્યું

રાજનગર પાલડી સ્થિત દીવાન બલ્લુભાઇ ગુજરાતી બાલમંદિરમાં બાળકોએ પારિવારિક દિવસની ઉજવણી દરમિયાન માતૃ પિતૃ પૂજા કરીને વૈવિધ્યપૂર્ણ પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો, તો ઉપસ્થિત સઘળા માબાપ પણ રમતોમાં સામેલ થયા હતા.

### પ્રિ-ઇંગ્લિશ સ્કૂલમાં બ્લેક એન્ડ વાઇટ ડેની ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવી

રાજનગર-પાલડી સ્થિત દીવાન-બલ્લુભાઈ પ્રી-ઈંગ્લિશ સ્કૂલમાં બ્લેક એન્ડ વાઈટ ડેની ઉજવણી ભારે ઉત્સાહપૂર્વક થઇ હતી. બ્લેક એન્ડ વાઈટ વસ્ત્રો પરિધાન કરેલા બાળકોએ થીમ આધારિત પ્રવૃત્તિઓઅ, રાઈમ્સ અને ગેમ્સની મજા માણી હતી.

### શિલજ-થલતેજ સ્થિત રેસિડેન્સીમાં રાષ્ટ્રીય હેન્ડલૂમ-ડે ઉજવણી કરવામાં આવી

શિલજ-થલતેજ રોડ સ્થિત મેપલ ગ્રીન રેસિડેન્સીમાં રાષ્ટ્રીય હેન્ડલૂમ દિવસની ઉજવણી કરવામાં આવી. સભ્યોએ અજરખ અને હેન્ડલૂમ પરિધાનો પહેરી ભારતીય હસ્તવણાટ પરંપરા તથા સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવાનો સંદેશ આપ્યો હતો.

### ધ ડિવાઇન યાત્રા સેવા ગ્રુપના કલ્યાણ મિત્રો દ્વારા ભોજન અને કપડાનું વિતરણ કરાયું

ધ ડીવાઈન યાત્રા સેવા ગ્રુપના કલ્યાણ મિત્રો દ્વારા એએમસી સંચાલિત શેલ્ટર હોમના આશ્રિતોને ગરમા ગરમ સમોસા સાથે સ્વાદિષ્ટ ચટણી વિતરીત કરાયું અને બાળકોને કપડાનું વિતરણ કર્યુ હતું. ગ્રુપ દ્વારા જરૂરમંદ લોકો મદદ કરવામાં આવે છે.

### સૌરાષ્ટ્ર લુહાર સુથાર જ્ઞાતિ હિતેષ્છુ મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન કરાવ્યું

સૌરાષ્ટ્ર લુહાર જ્ઞાતિ હિતેચ્છુ મંડળ શાહપુર શાખા દ્વારા તેજસ્વી વિદ્યાર્થી સન્માન કરવામાં આવ્યું હતું. બાલ વાટિકા થી કોલેજના તમામ વિદ્યાર્થીને ઈનામ સાથે વિદ્યાર્થી તેમજ વિદ્યાર્થીના વાલી ગણને સન્માનિત કરવામાં આવ્યા હતા.

### ગુજરાતના ઇન્ફેક્શિયસ ડિસીઝ નિષ્ણાત ડૉ. શિવાંગ શર્માને રાષ્ટ્રીય સ્તરે સિદ્ધિ મળી

ગુજરાતના યુવા ઈન્ફેક્શિયસ ડિસીઝ નિષ્ણાંત ડૉ. શિવાંગ શર્માએ તબીબી ક્ષેત્રે વધુ એક નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. ભારતના ઈન્ફેક્શિયસ ડિસીઝ ક્ષેત્રની રાષ્ટ્રીય સંસ્થા **CIDS(Clinical Infectious Diseases Society)** અને લંડન, યુકે સ્થિત પ્રતિષ્ઠિત **RSTMH** દ્વારા આપવામાં આવતા સંયુક્ત એવોર્ડ માટે ડૉ. શિવાંગ શર્માની પસંદગી થઈ. ભારતમાંથી રજૂ થયેલા ઈન્ફેક્શિયસ ડિસીઝના કેસ પ્રેઝન્ટેશનમાં તેમણે ટોપ-૩ માં સ્થાન મેળવેલું. આ પ્રતિષ્ઠિત એવોર્ડ **CIDS** ૨૦૨૬ કોન્ફરન્સ દરમિયાન ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ ના રોજ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે તેમને એનાયત કરવામાં આવશે.

આ પ્રસંગે ડૉ. શિવાંગ શર્મા પોતાના પસંદગી પામેલા કેસનું વિશેષ પ્રેઝન્ટેશસન પણ કરશે. ડૉ શિવાંગ શર્મા હાલમાં એક હોસ્પિટલમાં ઈન્ફેક્શિયસ ડિસીઝ સ્પેશિયાલિસ્ટ તરીકે સેવા આપી રહ્યા છે. તેમણે **AIIMS** જોધપુરમાંથી **DM in** ઈન્ફેક્શિયસ ડિસીઝની પદવી મેળવી છે. જે તાજેતરમાં તેમને પદ્મશ્રી ડૉ. તેજસ પટેલના હસ્તે એનાયત કરવામાં આવી હતી. ઈન્ફેક્શિયસ ડિસીઝના ક્લિનિકલ કાર્ય સાથે તેઓ સંશોધન અને શૈક્ષણિક ક્ષેત્રે પણ સક્રિય છે.


**AHMEDABAD MUNICIPAL TRANSPORT SERVICE**
Transport House, Outside Jamalpur gate,
Jamalpur, Anmedabad 380022,
Gujarat, India.

**REQUEST FOR PROPOSAL (RFP) for Selection of Agency for Supply / providing of technical staff for Anmedabad Municipal Transport Service (AMTS) (2nd Call).**

Ahmedabad MunicipalTransport Service (AMTS) invites proposals from duly qualified interested parties for Selection of Agency for Supply/providing of technical staff for Ahmedabad Municipal Transport Service (AMTS) (2nd Call). interested parties may download RFP from website **https://tender.nprocure.com/** from Dt. 11.08.2026.

**Sd/- Dy. Municipal Commissioner/ Transport Manager**

**AHMEDABAD MUNICIPAL TRANSPORT SERVICE**
Transport House, Outside Jamalpur gate,
Jamalpur, Anmedabad 380022,
Gujarat, India.

**REQUEST FOR PROPOSAL (RFP) for Selection and Empanelment of a Fare Collection Agency for Ahmedabad Municipal transport Services for 6 years (2nd Call).**

Ahmedabad Municipal Transport Service (AMTS) invites proposals from duly qualified interested parties for Selection and Empanelment of a Fare Collection Agency for Ahmedabad Municipal transport Services for 6 years (2nd Call). Interested parties may download RFP from website **https://tender.nprocure.com/** from Dt. 11.08.2026.

**Sd/- Dy. Municipal Commissioner/ Transport Manager**


## INDO CREDIT CAPITAL LIMITED

**CIN: L65910GJ1993PLC020651**
**Regd.Off.:** 304, Kaling, B/h. Bata Show Room, Nr. Mt. Carmel School, Ashram Road, Ahmedabad-380 009.
www.indocreditcapital.com Tele Fax:079-26580366 Email ID: indocredit@rediffmail.com

**Extract of Unaudited Financial Results for the Quarter ended 30th June, 2026**

(Rs. In Lacs )

| | PARTICULARS | Quarter Ended 30/06/2026 (Unudited) | Year Ended 31/03/2026 (Audited) | Quarter Ended 30/06/2025 (Unudited) |
|---|---|---|---|---|
| 1. | Total income from operations (net) | 0.00 | 28.09 | 0.00 |
| 2. | Net Profit / (Loss) for the period (before Exceptional item, Extraordinary item & tax) | -4.22 | 6.08 | -8.09 |
| 3. | Net Profit / (Loss) for the period before tax (After Exceptional item, Extraordinary item) | -4.22 | 6.08 | -8.09 |
| 4. | Net Profit / (Loss) for the period after tax (After Exceptional item, Extraordinary item) | -4.22 | 6.08 | -8.09 |
| 5. | "Total Comprehensive Income for the period (Comprising Profit/(Loss) for the period (After tax) and other Comprehensive income (After tax)" | -4.22 | 6.08 | -8.09 |
| 6. | Equity Share Capital | 723.08 | 723.08 | 723.08 |
| 7. | Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | -135.34 (As on 31-03-2026) | -135.34 (As on 31-03-2026) | -141.42 (As on 31-03-2025) |
| 8. | Earnings Per Share (Rs. 10/- each) (not Annulised) | | | |
| | Basic : (Rs.) | (0.06) | (0.08) | (0.11) |
| | Diluted: (Rs.) | (0.06) | (0.08) | (0.11) |

**Note:**

1. The aforesaid results of the Company were reviewed by the Audit Committee and approved by the Board of Directors at its meeting held on 11th August, 2026. The statutory auditors of the Company have carried out a Limited Review of the aforesaid results.

2. The above is an extract of the detailed format of Quarterly Financial results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly Financial Results is available on the Stock Exchange websites, www.bseindia.com and on company's website www.indocreditcapital.com.

3. The Previous year/period figures have been regrouped/rearranged, wherever necessary to make them comparable with the current period figures.

Date : **11-08-2026**
Place : **Ahmedabad**

**For and On Behalf of the Board of Directors**
INDO CREDIT CAPITAL LIMITED
SD/-
**Bhanwarsinh Chauhan**
**Director**
**(DIN: 08405070)**

## ADVANCE MULTITECH LIMITED

**(CIN:L51494GJ1979PLC006698)**
Regd.Off.: 36,Kothari Market, Opp. Hirabhai Market, Kankaria, Ahmedabad 380022, Website : www.advancemulti.in
Phone: +91 8758998855 | Fax: +91 79-25454586 | E-mail: info@advancemulti.com

**STATEMENT OF STANDALONE UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED ON 30TH JUNE, 2026**

Rs. In Lakhs except EPS

| | PARTICULARS | Quarter ended | | | Year ended |
|---|---|---|---|---|---|
| | | 30-06-2026 Unaudited | 31-03-2026 Audited | 30-06-2025 Unudited | 31.03.2026 (Audited) |
| 1 | Total Income from Operations | 486.72 | 393.49 | 5.52 | 450.06 |
| 2 | Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | 466.19 | 255.76 | .(42.05) | 146.70. |
| 3 | Net Profit / (Loss) for the period before tax (after Exceptional and/or Extraordinary items) | 466.19 | 255.76 | .(42.05) | 146.70. |
| 4 | Net Profit / (Loss) for the period after tax (after Exceptional and/or Extraordinary items) | 427.89 | 254.68 | .(42.05) | 145.62 |
| 5 | Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)] | 427.89 | 254.68 | .(42.05) | 145.62 |
| 6 | Equity Share Capital | 402.86 | 402.86 | 402.86 | 402.86 |
| 7 | Reserves (excluding Revaluation Reserve) as shown in the Audited Balance Sheet of the previous year | - | - | - | 737.52 |
| 8 | Earnings Per Share (of Rs. 10/- each) | (Not Annualised) | (Not Annualised) | (Not Annualised) | (Annualised) |
| | 1. Basic: | 10.62 | 6.32 | (1.04) | 3.61 |
| | 2. Diluted: | 10.62 | 6.32 | (1.04) | 3.61 |

**NOTES**

1. The above is an extract of the detailed format of quarter ended June 2026 of Unaudited Financial Results filed with the stock exchange under Regulation 33 of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015. The Full format of the unaudited Financial Results is available on the stock Exchange website – www.bseindia.com & on Company's website – www.advancemulti.in.
2. The above financial results have been reviewed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 11/08/2026.
3. The company has adopted Indian Accounting Standard (“IND AS”) notified by the Ministry of Corporate Affairs with effect from 1st April, 2017.Accordingly the Financial Result for the Quarter ended on 30th June, 2026 are in accordance with IND-AS and other accounting principles generally accepted in India.
4. Exceptional and/or Extraordinary items adjusted in the Statement of Profit and Loss in accordance with Ind-AS Rules/AS Rules, whichever is applicable.
5. The figures for the previous period/year have been regrouped /reclassified , wherever necessary.
6. The Company is operating in single segment i.e. Textile, so above results are for single segment only.

**Place** : Ahmedabad
**Date** : 11-08-2026

For, **Advance Multitech Limited**
**Arvind Vishwanath Goenka**
Managing Director
(DIN-00093200)